# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-02-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ૭૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું.

2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે G20 રાષ્ટ્રો માટે ખોરાક, ઉર્જા, આરોગ્ય સુરક્ષા, ડિજિટલ સુવિધા અને મહિલાઓના નેતૃત્વ જેવા પડકારો પર કામ કરવા પર ભાર મૂક્યો.

3) કોલસા અને ખાણ રાજ્યમંત્રી સતીશ ચંદ્ર દુબેએ દેશમાં મહત્વપૂર્ણ ખનિજોનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા હાકલ કરી.

4) ભારતે આજે માલદીવના માલેમાં બાંગ્લાદેશથી બંગાળની ખાડીની આંતર-સરકારી સંસ્થાનું અધ્યક્ષપદ સંભાળ્યું.

5) ભારતીય જીવવિજ્ઞાની અને વન્યજીવન સંરક્ષણવાદી પૂર્ણિમા દેવી બર્મનને ટાઇમ મેગેઝિન દ્વારા "વુમન ઓફ ધ યર" એવોર્ડ માટે નામાંકિત કરાયાં.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE-PM-AKHIL-BHARTIYA-MARATHI-SAHITYA-SAMMELAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ૯૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. ત્રણ દિવસીય સંમેલનમાં પેનલ ચર્ચાઓ, પુસ્તક પ્રદર્શનો, સાંસ્કૃતિક પ્રદર્શનો અને પ્રખ્યાત સાહિત્યકારો સાથે  વિવિધ સત્રો અને શ્રેણીનું આયોજન કરવામાં આવશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું. –

(બાઈટ – પ્રધાનમંત્રી, નરેન્દ્ર મોદી)

. . . . . . . . . . . . . . . .

# JAISHANKAR-G-20-SESSION

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે G20 રાષ્ટ્રો માટે ખોરાક, ઉર્જા, આરોગ્ય સુરક્ષા, ડિજિટલ જાહેર માળખાગત સુવિધા અને મહિલાઓના નેતૃત્વ જેવા પડકારો પર કામ કરવા પર ભાર મૂક્યો.

આજે દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ ખાતે 2025 માટે G20 ઉદ્દેશ્યો પર પોતાના સંબોધનમાં તેમણે આ પ્રમાણે જણાવ્યું.તેમણે કહ્યું કે પોતાનું નેતૃત્વ જાળવી રાખવા માટે, G20 એ વૈશ્વિક પડકારોનું સંપૂર્ણ રીતે સચોટ પ્રતિબિંબ પાડવું જોઈએ. તેમણે ભાર મૂક્યો હતો કે G20 એ હંમેશા સ્પર્ધાની મજબૂરીઓ કરતાં સહયોગની આવશ્યકતાઓને ઉચ્ચ સ્થાન આપવું જોઈએ. આંતરરાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ પર, ડૉ. જયશંકરે કહ્યું કે ભારત તૈયારી, કટોકટી પ્રતિભાવ, પુનઃપ્રાપ્તિ અને પુનર્નિર્માણ માટે મજબૂત માળખાને સમર્થન આપે છે.

ભારતે 2019 માં આપત્તિ સ્થિતિસ્થાપક માળખા માટે ગઠબંધન (CDRI) ની શરૂઆત કરી. વિદેશ મંત્રીએ ઉમેર્યું હતું કે આજે, CDRI ના 42 રાષ્ટ્રો અને 7 સંગઠનો તેના સભ્યો છે.. તેમણે ભાર મૂક્યો કે આંતરરાષ્ટ્રીય સૌર જોડાણની પહેલ આબોહવા કાર્યવાહી પર વૈશ્વિક સહયોગ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

. . . . . . . . . . . . . . .

# DUBEY-CRITICAL-MINERALS

કોલસા અને ખાણ રાજ્યમંત્રી સતીશ ચંદ્ર દુબેએ દેશમાં મહત્વપૂર્ણ ખનિજોનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા હાંકલ કરી છે. આજે નવી દિલ્હીમાં FICCI દ્વારા આયોજિત ક્રિટિકલ મિનરલ મેટ્રિક્સ કોન્ફરન્સને સંબોધતા તેમણે કહ્યું કે સરકારે રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ મિશન શરૂ કર્યું છે. તેનો ઉદ્દેશ્ય સ્થાનિક અને વિદેશી સ્ત્રોતોમાંથી ખનિજની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરીને ભારતની મહત્વપૂર્ણ ખનિજ પુરવઠા શૃંખલાને સુરક્ષિત કરવાનો છે.

(Byte - 1400--SATISH-CHANDRA-DUBEY.mp3)

. . . . . . . . . . . . . . . .

# INDIA---BOBP

ભારતે આજે માલદીવના માલેમાં ૧૩મી ગવર્નિંગ કાઉન્સિલ બેઠકમાં બાંગ્લાદેશથી બંગાળની ખાડીની આંતર-સરકારી સંસ્થા (BOBP-IGO)નું અધ્યક્ષપદ સંભાળ્યું. આ કાર્યક્રમ દરમિયાન મત્સ્યઉદ્યોગ વિભાગના સચિવ ડૉ. અભિલક્ષ લીખીના નેતૃત્વમાં ભારતીય પ્રતિનિધિમંડળે અધ્યક્ષપદ સંભાળ્યું. ડૉ. લીખીએ ખાતરી આપી હતી કે ભારત BOBP-IGOની સફળતાને નવી ઊંચાઈએ પહોંચાડવા માટે ખંતપૂર્વક કામ કરશે. તેમણે પ્રાદેશિક સહયોગના મહત્વ અને વિકાસશીલ રાષ્ટ્રોના હિતોને આગળ વધારવામાં ભારત અન્ય દેશો સાથે મળીને ભજવી રહેલ મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# TIMES---WOMEN-OF-THE-YEAR

ભારતીય જીવવિજ્ઞાની અને વન્યજીવન સંરક્ષણવાદી પૂર્ણિમા દેવી બર્મનને ટાઇમ મેગેઝિન દ્વારા "વુમન ઓફ ધ યર" એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ કાર્ય માટે આપવામાં આવે છે. આ યાદીમાં ૪૫ વર્ષીય પૂર્ણિમા દેવી એકમાત્ર ભારતીય મહિલા છે.

આસામની પૂર્ણિમા દેવી લુપ્તપ્રાય સ્થાનિક હરગીલા પક્ષીના રક્ષણ માટે તેમના અસાધારણ પ્રયાસો માટે જાણીતા છે.

૧૩ મહિલાઓની યાદીમાં ફ્રેન્ચ અભિનેત્રીઓ નિકોલ કિડમેન અને ગિસેલ પેલિકોટનો પણ સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

# SHIVRAJ---PM-KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારે બિહારના ભાગલપુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો 19મો હપ્તો રજૂ કરશે. આ યોજના જમીનધારક ખેડૂતોને ત્રણ સમાન હપ્તામાં વાર્ષિક છ હજાર રૂપિયા આપે છે.

આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ત્રણ લાખ ૪૬ હજાર કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે.

(બાઇટ - શિવરાજ સિંહ ચૌહાણ)

. . . . . . . . . . . . . . . .

# KASHI TAMIL SANGAMA

કાશી તમિલ સંગમમના ત્રીજા સંસ્કરણનો આરંભ થઈ રહ્યો છે. આ વિષે અહેવાલ આપે છે અમારા સંવાદદાતા શૈલેન્દ્ર..

(Byte -PARI---SHALENDRA---KASHI-TAMIL---FINAL)

. . . . . . . . . . . . . . . .

# MAHAKUMBH-–-DD-DG

દૂરદર્શનના મહાનિર્દેશક કંચન પ્રસાદે કહ્યું છે કે પ્રયાગરાજમાં મહાકુંભ એ શ્રદ્ધા, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો સંગમ છે. મહાકુંભ ખાતે કુંભવાણી કેન્દ્રને સંબોધતા તેમણે કહ્યું કે કુંભવાણી આ દૈવી ઘટનાનો સંદેશ બધા લોકો સુધી પહોંચાડવાનું એક અદ્ભુત માધ્યમ છે. તેમણે એમ પણ કહ્યું કે ભક્તો આધ્યાત્મિક શાંતિ અને નવી ઉર્જા સાથે ગંગા, યમુના અને સરસ્વતી નદીઓના સંગમ પર પવિત્ર ડૂબકી લગાવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# CRICKET

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં, કરાંચીના નેશનલ સ્ટેડિયમ ખાતે ગ્રુપ B ની મેચમાં, દક્ષિણ આફ્રિકાએ પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેતા, અફઘાનિસ્તાન સામે 50 ઓવરમાં 6 વિકેટે 315 રન બનાવ્યા હતા. 316 રનનાં જીતનાં લક્ષ્યાંક સામે અફઘાનિસ્તાને ................ ઓવરમાં ............વિકેટે ......... રન બનાવ્યાં.

. . . . . . . . . . . . . . .

# VISHVA MATRUBHASHA DIVAS

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી... આ પંક્તિને સાર્થક કરનાર આજનો દિવસ એટલે વિશ્વ માતૃભાષા દિવસ...

કચ્છી, કાઠીયાવાડી, સુરતી, અમદાવાદી, નાગર, પારસી.. આ બધી લઢણ ને ભાવ સાથે ગુજરાતીઓને એક તાંતણે જોડતો ભાષા સેતુ એટલે આપણી માતૃભાષા ગુજરાતી...આજે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો સાથે માતૃભાષા દિવસની ઉજવણી થઈ રહી છે.

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણીનો હેતુ, દરેક ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન તેમજ બહુ ભાષાવાદને પ્રોત્સાહન આપવાનો છે.

. . . . . . . . . . . . . . . .